# ડીસા પંથકમાં માવઠાની અસરે બટાકા પાકમાં રોગની દહેશત : ખેડૂતોની સરકાર તરફ મીટ

ડીસા, તા. ૩


દેશના હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ વાતાવરણમાં અપરએર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાવાના કારણે ડીસા પંથક માં ગઈકાલે રવિવારના સવારે અને સાંજના સમયે કમોસમી વરસાદ થયો હતો. આવર્સાદ થી ડીસા સહીત સમગ્ર જિલ્લામાં ભારે માવઠાના કારણે ખેતી પાકને વ્યાપક નુકશાનની દહેશતથી ખેડૂતો ફફડી ઠયા છે.

બનાસકાંઠા ના ડીસામાં મોટા પાયે બટાટા નાં થયેલા ઉત્પાદનમાં ભાવ સાવ તળિયે બેસતા અને ૧૧૨ જેટલા કોલ્ડસ્ટોરેજ માલિકો એ પણ અચાનક બટાટા સંગ્રહ નો ભાવ વધારો કરતા ખેડૂતો પીડિત બનાયા હતા ત્યારે ગઈકાલે રવિવારે સવારે અને સાંજે ડીસા પંથક માં વરસાદી છાંટા પડતા આ હવામાન નાં બદલાયેલા મિજાજ થી ખેડૂતો ના ઉભા ખેતરો માં પડેલા લાખો બોરી બટાટા માં રોગ થવાની ભીતિ એ ખેડૂતો ફફડી રહ્યા છે તો વળી,સામાપક્ષે કોલ્ડસ્ટોરેજ માલિકો તેમના કોલ્ડસ્તોરેજો હાઈસ ફૂલ થયા નું જાણવી રહ્યા છે જેથી આવી વિકટ પરીસ્તીથી માં ખેડૂત જો મુક્ત બજાર માં બટાટા વેચે તો ૮૦ થી ૧૦૦ રૂપિયે ૨૦ કિલો નાં ભાવે તેમને મોટું નુકશાન વેઠવું પડે તેમ છે, કોલ્ડસ્ટોરેજ માલિકો એ મોટી સબસીડી મેળવી કોલ્ડસ્ટોરેજો બનાવ્યા છે તે લોકો તેમના કોલ્ડસ્ટોરેજો ખાલી હોવા છતાં હાઉસફૂલ બતાવી રહ્યા છે,આ બાબત ની ખેડૂત હિત માં સરકારે સર-ઈઝ ચેકિંગ કરી તપાસ કરવી જોઈએ તેવું ખેડૂત આગેવાન કલ્યાણભાઈ રબારી એ જણાવ્યું હતું.

આ તમામ બાબતો વચ્ચે અને કોલ્ડ સ્ટોરેજ માલિકો ના ભાવ વધારા વચ્ચે બટાટા ઉત્પાદન નો અંદાજ જોતા ડીસા પંથક માં ૨ કરોડ સાઈઠ લાખ કટ્ટા બટાટા નાં ઉત્પાદન નો અંદાજ છે, જેમાં ૧૧૨ કોલ્ડ સ્ટોરેજ ની સંગ્રહક્ષમતા ૧ કરોડ ૮૦ લાખ કટ્ટા ની છે,મુક્ત બજાર માં જો દશ લાખ કટ્ટા વેચાય તો પણ ૭૦ લાખ કટ્ટા ક્યા મુકવા તે મોટો યક્ષ"-ખેડૂતો ને સતાવી રહ્યો છે જોકે હાલ ૩૦ ટકા બટાટા ઉત્પાદન ખેતરો માં થી ખોદી બહાર કાઢવાનું બાકી છે, ત્યારે મોટાભાગ નાં કોલ્ડસ્તોરેજો નાં માલિકો એ તેમના કોલ્ડસ્ટોરેજ ફૂલ થયેલા હોવાનું જણાવતા લાંબી લાંબી કતારો માં કલાકો સુધી ઉભેલા ખેડૂતો ના બટાટા વાહનો માં પડેલા દેખાઈ રહ્યા છે.જોકે કલાકો બાદ ની -તિક્ષા બાદ તેમને નિરાશા સાંપડતા ડીસા પંથક ના ખેડૂતો ની હાલત દયનીય બનેલ છે અને ખેડૂતો સરકાર પોષણક્ષમ્ય ભાવ આપે તેવી પણ માંગ કરી રહ્યા છે

જયારે બીજી તરફ ખેતીવાડી અધિકારી નાં નુકશાન બાબત ના નિવેદન સામે ખેડૂત કુંદનલાલ કછવા એ વિરોધ નોધાવ્યો હતો, તેઓ જણાવી રહ્યા છે કે ગઈકાલ નાં વરસાદ થી ખેતરો માં પડેલા લાઈટફૂલ બટાટા કે જેને ખેડૂતો ની ભાષા માં ડોલર બટાટા કહેવાય તે વરસાદ પડતા એવરેજ બટાટા થઈ ગયા છે,જેનો વેચાણ ભાવ ડોલર બટાટા કરતા નીચો આવે છે તેવું જણાવી તેમને આ વિકટ પરીસ્તીથી માં ખેડૂતો ની વહારે કિશાન સંઘ આવે તેવું જણાવી કોલ્ડ સ્ટોરેજ માલિકો ને અપીલ પણ કરી હતી કે ખેડૂતો ના બટાટા ને તેમના કોલ્ડસ્તોરેજો માં જગ્યા આપે કેમકે, આ તમામ કોલ્ડસ્ટોરેજ અગાઉ ખેડૂતો હતા, તેમને ખેડૂત પીડા સમજવી પડશે, અને સરકાર આ મામલે આગળ આવે તેવું તેમને જણાવ્યું હતું

ત્યારે સવાલ એ થાય છે કે શું ૭૦ લાખ કટ્ટા બટાટા માટે સરકાર ટેકા નો ભાવ જાહેર કરશે ખરી ? શું કોલ્ડસ્ટોરેજ માલિકો ખેડૂતો ને મદદગાર થઈ નવીન ભાડા વધારો મુલતવી રાખી ખેડૂતો ના બટાટા તેમના સ્ટોર માં રાખશે ?તેમજ સરકાર ની આ વિકટ પરીસ્તીથી ખેડૂતો માટે નું શું યોગદાન કે મદદ જાહેર થાય છે ? તેની ડીસા પંથક નાં ખેડૂતો માં રાહ જોવાય છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

બાયડના લીંબઈ ગામે ૧૧ કે.વી. વીજ લાઈન પર રીપેરીંગ કામ કરતા યુજીસીવીએલના વીજકર્મી લક્ષ્મણભાઈ ખરાડીનું વીજ પોલ પરથી લાઈન ચાલુ થઈ જતા વીજ કરંટ લાગતા કર્મચારીનું મોત નીપજ્યું હતું.

# ઊંઝા પાલિકામાં બાંધકામ નિયમિત કરવા રહિશોની માંગ

ઊંઝા, તા. ૩

ઊંઝા નગરપાલિકામાં બાંધકામ નિયમિત કરવા માટે નાગરિકોએ અરજીઓ કરી જરૂરી ફી ભરવા છતાં લાંબા સમયથી હજી સુધી કોઈ કાર્યવાહી ન થઈ હોવાની નાગરિકોની ફરિયાદ ઉઠી છે.

ઊંઝા શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા કેટલાક નાગરિકોએ પોતાના મકાન ઘર આગળના બાંધકામો નિયમિત કરવા માટે ગત ઓગસ્ટ-૨૦૧૪માં સ્થાનિક નગરપાલિકામાં અરજીઓ કરી હતી. બાદ નગરપાલિકાએ ગત ડીસેમ્બરમાં બાંધકામ રેગ્યુલાઈઝ કરવા માટે થતી ભરવાપાત્ર રકમ ભરવા માટે જે તે અરજદારોને નોટીસો પાઠવી હતી. જેના સંદર્ભે અરજદારોએ પાલિકામાં જરૂરી ફી ભરી દીધી હતી. આ વાતને આજે લગભગ સાત માસ જેટલો સમય વીતી જવા છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તેવી અરજાદરોની ફરિયાદો ઉઠવા પામી છે. આ સંદર્ભે નગરપાલિકામાં પુછપરછ કરતા અરજદારોને સંતોષકારક જવાબ મળતો નથી તેવું કહેવાય છે.

જાણવા મળ્યા મુજબ શહેરમાં બાંધકામ નિયમિત કરવા અંગે અંદાજે એક હજાર જેટલા અરજદારોએ અરજીઓ કરી હતી. જેનો લાંબા સમયથી ઉકેલ ન આવતાં અરજદારોમાં પાલિકાના તંત્ર સામે ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

# આજે યોજાનાર ઊંઝા ખેતી બજાર સમિતિના ખેડૂત વિભાગના આઠ ઉમેદવારોની થનાર ચૂંટણી મુલતવી

ઊંઝા, તા.૩

આર્થિક રીતે સમૃધ્ધ એવી એશિયા ભરની સૌથી મોટી ખેત બજાર સમિતિ ઊંઝાના સદસ્યોની આગામી તા.૪થી માર્ચના રોજ યોજાનાર ચૂંટણીમાં ખેડૂત વિભાગમાંથી ઉમેદવારી નોંધાવનાર ટૂંડાવના ઉમેદવાર સોમાભાઈ જી. પટેલનું વાહન અકસ્માતમાં કરૂણ મોત નિપજતાં હાલ ખેડૂત વિભાગના આઠ સભ્યોની થનાર ચૂંટણી મુલતવી રહી છે. જયારે વેપારીમત વિભાગના ચાર સભ્યોની ચૂંટણી ચોથી માર્ચના રોજ થનાર છે. ત્યારે આ ચૂંટણીમાં કુલ સાત ઉમેદવારો ચૂંટણી જંગ ખેલી રહ્યા છે. જેમાં બજાર સમિતિના વર્તમાન ચેરમેનના સમર્થક એવા કનુભાઈ પી. પટેલ, વિષ્ણુભાઈ વી. પટેલ, સીતારામભાઈ પી. પટેલ અને હર્ષદભાઈ કે. પટેલની પેનલ સામે ભાજપના જ અગ્રણી અને નગરપાલિકાના માજી પ્રમુખ શિવમભાઈ રાવલ સંયોજક બજાર સમિતિ ચૂંટણી ૨૦૧૫ સંઘર્ષ સમિતિના નેજા હેઠળની પરિવર્તન પેનલમાં પ્રવિણભાઈ કે. પટેલ અને ભરતભાઈ આઈ. પટેલ ચૂંટણી લડી રહ્યા છે. જયારે નરેન્દ્રભાઈ કે. પટેલ પેનલ સિવાય સ્વતંત્ર રીતે ચૂટણી મેદાનમાં છે. જો કે તેઓ બજાર સમિતિના વર્તમાન ચેરમેન્નાી સમર્થક પેનલના સાથે ચૂંટણી લડી રહ્યા હોઈ માહોલ ભારે ગરમાયો છે.

ઊંઝા બજાર સમિતિના વેપારી મત વિભાગના ચાર સદસ્યોની જગ્યા પર સાત ઉમેદવારો વચ્ચે પ્રતિષ્ઠાભર્યો જંગ મંડાયો છે. આ ચૂંટણીને પગલે ગરમા ગરમી અને ભ્રષ્ટાચારના આક્ષેપોનો દોર શરૂ થયો છે. ચૂંટણીમાં બેફામ ખર્ચાઓ થશે તેવું ચર્ચાય છે. મતદારોને રીઝવવા માટે બે પેનલો સહિત સ્વતંત્ર રીતે ચૂંટણી લડતા ઉમેદવાર દ્વારા સક્રિય પ્રયાસો થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બજાર સમિતિમાં ખરીદ વેચાણ છે મંડળીઓના મત વિભાગમાંથી વર્તમાન ચેરમેન ગૌરાંગભાઈ પટેલ સહિત બે ઉમેદવારો બિન હરીફ ચૂંટાયેલા જાહેર થયા છે.


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

અરવલ્લી જિલ્લાના ધનસુરાથી અણીયોર જતા રાજય ધોરી માર્ગ પર ગઈ કાલે સાંજના સુમારે ઝરમરતા વરસાદ અને ધૂંધળા હવામાન વચ્ચે બે ટ્રકો વચ્ચે ધડાકાભેર અકસ્માત થયો હતો.જેમાં ટ્રકની ટકકરથી એક ટ્રેલર રોડની સાઈડમાં ઉતરી ગયું હતું. સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. બંને ટ્રક ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતના પગલે રાજય ધોરીમાર્ગ પર ટ્રાફીક જામના દશ્યો સર્જાયા હતા.

## હિંમતનગર તાલુકામાં બે ના મોત

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના રામપુર ગામના રમેશભાઈ બળદેવભાઈ પરમાર (ઉ.વ.૩૫)ના કોઈ અગમ્ય કારણોસર મંગળવારે બપોરે ૧.૩૦ વાગે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયેલ જેમને સારવાર માટે હિમતનગર સિવિલમાં દાખલ કરેલ જેનું સારવાર દરમિયાન ૨.૩૦ વાગે મોત નીપજ્યું હતું આ અંગે સિવિલના ફરજ પરના ડોક્ટર રીટા સિન્હાએ ગાંભોઈ પોલીસને જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તો બીજી તરફ બપોરે ૨.૩૦ વાગે હિમતનગર ના કરણપુર ગામ નજીક સાયકલ સવાર રાકેશભાઈ ને કોઈ અજાણ્યા વાહને ટક્કર મારી નાસી ગયેલ જેમને ગંભીર ઈજા થતા ૧૦૮ ધ્વારા હિમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયેલ જયાં સારવાર હેઠળ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

## કળીયુગમાં પ્રાણીઓને પણ માનવીનો ચેપ લાગ્યો : મોડાસામાં વાંદરીએ જન્મ આપ્યા બાદ નવજાત બચ્ચાંને તરછોડયું

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સગરવાડાના મહાકાળી માતાજીના મંદિર નજીક વાંદરીએ જન્મ આપ્યા બાદ કોઈ કારણોસર નવજાત બાળ વાનરને ત્યજી દેતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. પંકજભાઈ બુટાલાએ આ ઘટનાની જાણ અરવલ્લી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના ઉપપ્રમુખ નિલેશ જોષી (જીવદયા પ્રેમી)ને જાણ કરતાં બાળવાનરને બચાવવા તજવીજ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લામાં કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાન હેઠળ નિર્માણ કરવામાં આવેલી અરવલ્લી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી મોડાસા શહેર અને આસપાસના વિસ્તારમાં અબોલ જીવ અને પશુ પંખીઓની મફ્ત સેવા અને તબીબી સારવાર કરવા માટે ખુબ જ જાણીતી છે. મોડાસા શહેરના સગરવાડા વિસ્તારમાં મહાકાળી માતાજીના મંદિર પાસે વાનરોની ટોળકીમાંથી એક વાંદરીએ વાનરબાળને જન્મ આપ્યા બાદ તરછોડી દેતાં નવજાત બાળ વાનરની કિકિયારીઓથી લોકો એકઠા થઈ ગયા હતા. આ ઘટનાની જાણ મોડાસામાં જીવદયા પ્રેમી નિલેશભાઈ જોષીને થતાં તેમની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સતત ૪ કલાક સુધી બાળવાનરની માતાની રાહ જોયા બાદ ન આવતાં જીવદયા પ્રેમીઓમાં બાળવાનરને દૂધ પીવડાવી ડો. કિરણ પટેલની રાહબરી હેઠળ બાળવાનરને બચાવવા સારવાર હાથ ધરી હતી. ટીમના પિન્ટુ ખાંટ, અંકિત પટેલ, જીગ્નેશભાઈ તેમજ અન્ય સભ્યોએ ખુબ જ દુઃખ વ્યકત કર્યું હતું.

## થરા પોલીસ જમાદારે પોતાની ગાડીમાં રહેલી દારૂની ભરેલી બોટલ વેપારીના માથે ફોડી

શિહોરી, તા. ૩

કાંકરેજ તાલુકાના વડા ગામે આજે થરા પોલીસની દબંગાઈનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. દબંગ જમાદારે નિર્દોષ પાનના ગલ્લાના માલિકને બરોબર ઢીબી નાંખ્યો હતો. ગલ્લા માલિકને ગંભીર ઈજાઓ થતા તેને થરા બાદ પાટણ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર કાંકરેજ તાલુકાના વડા ગામ પાસે થરા હાઈવે હિતેષસિંહ વાઘેલા પાનબીડીનો ગલ્લો ચલાવે છે. દરમિયાન ગતરોજ થરા પોલીસના દબંગ જમાદાર વિક્રમદાન ગઢવી ગાડી લઈ ગલ્લા પર આવી ગયા હતા અને અચાનક જ બોલ્યા 'તુ દારૂનો ધંધો કરે છે, મને રૂ. ૧૦,૦૦૦ આપ નહીતર અંદર કરી દઈશ.' ત્યારે બન્ને વચ્ચે બોલાચાલી થતા મામલો બિચક્યો હતો અને દબંગ જમાદાર ગઢવીએ ગલ્લાના માલિકને જેમ તેમ ગાળો બોલી ઢોર માર માર્યો હતો અને 'હવે તારે રૂપિયા નથી આપવાને તો તુ જો દારૂની બોટલ તારા ગલ્લામાં મુકી તારી પર કેસ બનાવી તને અંદર કરી દઈશ બાદમાં વચ્ચે છુટ્ટા હાથની મારામારી થતા જમાદાર ગઢવીએ હિતેષ વાઘેલાના માથામાં બોટલ મારી દીધી હતી. બાદમાં લોહીયાળ હાલતમાં તેને પોતાની ગાડીમાં નાખી થરા પોલીસ સ્ટેશન લઈ જવા રવાના થયો હતો. જ્યાં ઈજાગ્રસ્ત હિતેષના માતા-પિતા આવી જતા જમાદારે તે બન્નેને પણ ધક્કા મારી નીચે પાડી દીધા હતા. તેમ છતાં ગમે તેમ કરી તેને છોડાવી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને ભોગ બનનાર હિતેષ થરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસ ફરિયાદ લેવાની ના પાડી દીધી હતી અને ધમકી આપી હતી કે તુ ફરીયાદ કરી તો તારા નાના ભાઈને જેલમાં નાખી દઈશ. આથી ફરીયાદીએ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. આમ આ સમગ્ર મામલો દારૂના હપ્તાની લેતી-દેતી કે પછી કોઈ અંગત અદાવતમાં બન્યો છે તે હાલ ચર્ચાનો મુદ્દો છે.

## ધાનોલ ગામ પાસે અકસ્માત : એકનું મોત

ધાનેરા તાલુકા ના ધાનોલ ગામ પાસે બાઈક અને સ્વીફ્ટ ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલક નું મોત નીપજતા સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી છે. ધાનેરા ખાતે બ્રહ્માણી કૃપા પશુઆહાર નામની દુકાનમાં નોકરી કરતા કેહરભાઈ નગાભાઈ રબારી રહે-લવારા તા-ધાનેરા (ઉ.વ.૨૦) જે દુકાનની ઉઘરાણી માટે ધાનોલ તરફ ગયા હતા. ઉઘરાણી પતાવી તે મોટર સાયકલ પર પરત આવતા કાળ બની આવેલી સામેથી આવતી સ્વીફ્ટ ગાડી સાથે તેમની મોટરસાયકલ અથડાતાં અકસ્માત સર્જાયો હતો. મોટર સાયકલ ગંભીર રીતે ઘાયલ થયા હતા,અને ઘટના સ્થળે લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા. ધાનેરા ૧૦૮ ને કરતા ૧૦૮ ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ.એમ.ટી ગૌરીચંદ્ર તાત્કાલિક ઘટના સ્થળે પહોચી ઘાયલને ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

### મોતની સવારી તંત્રના ચારેય હાથ

સાબરકાંઠા જિલ્લાના ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાઈવેટ વાહનો લકઝરીઓ તથા જીપવાળા ઉપર તંત્રના ચારેય હાથ હોય એ આ તસવીર ઉપરથી જોઈ શકાય છે કે લકઝરીઓ તથા જીપવાળાઓ જાણે કિડીયાળાની જેમ ગાડીની અંદર તથા ગાડીઓની છત ઉપર બેસાડીને મુસાફરોને લઈ જાય છે. પણ જેમનાં શિરે જવાબદારી છે તે તંત્રના ચારેય હાથ વાહનચાલકોની સાથે હોવાથી વાહન ચાલકોની સાથે સાથે જવાબદાર તંત્રને પણ ઘી કેળા છે તે આ તસવીર ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦